Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# ‘છંદોલય’ કાવ્યસંગ્રહમાં થયેલ નગર જીવનનું ચિત્રણ

## પ્રસ્તાવના:

ઇ. સ. ૧૯૪૦ થી ૧૯૬૦ સુધીની બે દાયકાની ગુજરાતી કવિતા અનુગાંધીયુગની કવિતા તરીકે ઓળખ પામી છે. ઇ. સ. ૧૯૪૦ની આસપાસ વ્યવસ્થિત પણે ગાંધી યુગ સંકેલાય જાય છે. તેમાં અભિવ્યક્તિ પરત્વે બળવંતરાય ઠાકોરની આણ છૂટી અને વિષય પરત્વે ગાંધીજી ગુજરાતી કવિતા નુતન કેડી કંડારે છે. ઇ. સ. ૧૯૪૦માં કવિ પ્રહ્લાદ પારેખનો ‘બારી બહાર’ કાવ્ય સંગ્રહ પ્રગટ થાય છે. ઉશનસ પ્રહ્લાદ પારેખની કવિતાને ‘નુતન કવિતાની નાંદી’ તરીકે ઓળખાવે છે. અનુગાંધીયુગમાં રાજેન્દ્ર શાહ, ઉશનસ, જયંત પાઠક, પ્રહ્લાદ પારેખ, હરિશ્ચંદ્ર ભટ્ટ, પ્રિયકાંત મણિયાર, નલિન રાવળ, મકરંદ દવે, બાલમુકુન્દ દવે, હરિન્દ્ર દવે, સુરેશ દલાલ, નિરંજન ભાગાર વગેરે અગ્રણી કવિઓ છે. અનુગાંધીયુગને રાજેન્દ્ર-નિરંજનયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. રાજેન્દ્ર-નિરંજનયુગની કવિતાઓ પોતાની આગવી શૈલીના કારણે કાવ્યવિશેષોમાં પોતાનું સ્થાન નક્કી કરી લે છે. ગુજરાતી કવિતાઓમાં આધુનિકતાવાદી વલણ, રૂપ-રચનારીતિના પ્રયોગો અછાંદસ દ્વારા વધુ થયાં તેમજ ગીત-ગઝલ વગેરેમાં પણ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
પ્રયોગો થતાં રહ્યા છે. કવિ ઉશનસ કહે છે તેમ ‘કામગરી’ મટીને ‘કામણગારી’ બને છે.

## ‘છંદોલય’ ના સર્જક નિરંજન ભગત:

અનુગાંધીયુગનાં યુગપ્રવર્તક તરીકે ઓળખાણ પામેલા અગ્રણી કવિ નિરંજન ભગતનો જન્મ તા. ૧૮-૦૫-૧૯૨૬ના રોજ અમદાવાદમા થયો હતો. તેમની પાસેથી ‘છંદોલય’ (૧૯૪૯), ‘કિન્નરી’ (૧૯૫૦), ‘અલ્પવિરામ’ (૧૯૫૪), ‘છંદોલય’(૧૯૫૭) જેવા કાવ્યસંગ્રહો ઉપરાંત વિવેચન, અનુવાદ અને સંપાદનના પુસ્તકો મળે છે. નિરંજન ભગતની કવિતા પોતિકા અનેક વિશેષોથી સમૃદ્ધ છે. નિરંજન ભગત બહુશ્રુત વિદ્વાન અધ્યાપક હોવા સાથે જીવનમૂલ્યોના આરાધક તથા સંરક્ષક નાગરિક તરીકે જીવવા મથતા નગરવાસી કવિ છે. નિરંજન ભગતની કવિતાને મણિલાલ હ. પટેલ ત્રણ તબક્કામાં વહેંચે છે, ‘૧. ઇ. સ. ૧૯૪૩થી ઇ. સ. ૧૯૪૯ સુધીનો પ્રથમ તબક્કો રંગદર્શી કવિતાનો છે. ૨. ઇ. સ. ૧૯૫૦ થી ૧૯૫૮ નો ગાળો આધુનિકતાનો દાવો કરતી કવિતાઓનો કહી શકાય. ૩. આયુષ્યના છેલ્લા દાયકમાં- ત્રણ દાયકાના મૌન પછીની, અંતિમ દોરની કવિતા- જે એમની સૌથી નબળી કવિતા છે.’ અહી આપણે નિરંજન ભગતની બીજા તબક્કાની કવિતા

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

એટલે કે આધુનિકતાની છડી પોકારતી અને જેમાં નગર જીવનનું ચિત્રણ થયું છે તેવી 'પ્રવાલદ્વીપ' ની કવિતા વિશે વાત કરવાની છે.

ઇ. સ. ૧૯૫૭માં કવિ નિરંજન ભગતના કાવ્યસંગ્રહ 'છંદોલય' ની બીજી સંકલિત આવૃતિનું પ્રકાશન થયું છે, જેમાં ઇ. સ. ૧૯૪૬ થી ઇ. સ. ૧૯૫૬ સુધી લખાયેલા આધુનિક નગરસંવેદનના ૧૬ જેટલાં કાવ્યોને 'પ્રવાલદ્વીપ' નામે છંદોલયની સંવર્ધિત આવૃત્તિમાં સમાવી લેવામાં આવ્યા છે. જેમ નગર પેરીસ વિશે જે પાશ્ચાત્ય કવિઓએ અનુભવ્યું હતું તેવું ઊંડું સંવેદન તેમજ એની તીવ્રતમ અભિવ્યક્તિ મહાનગરી મુંબઈના 'પ્રવાલદ્વીપ'માં કવિ નિરંજન ભગતે આલેખી છે. બોદલર, રિલ્કે, જેમ્સ જોયસ કે એલિયટની રચનાઓમાં પ્રગટતી નગરચેતના જેવીજ, તેમ છતાં કવિ નિરંજન ભગતની સ્વકીય પ્રતિભાથી સંવેદાયેલી મુંબઈ મહાનગરની શબ્દસ્થ છબીમાં આધુનિક નગરજીવનની સંકૂલ ચેતના આલેખાયાનો અનુભવ થયો છે.

## 'છંદોલય' માં નગરજીવનનું ચિત્રણ:

'પ્રવાલદ્વીપ' એ ૧૬ કાવ્યોનું ગુચ્છ છે. આ કાવ્યોનો એક જ વિષય છે મુંબઈ, એક આધુનિક નગર. આમ, 'પ્રવાલદ્વીપ' ની કવિતા એ આધુનિકતાની

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કવિતા છે. ‘પ્રવાલદ્વીપ’ એટલે પરવાળાનો ટાપુ. આમ, જોવા જઈએ તો શીર્ષકમાં જ કરુણ કટાક્ષ છે. મુંબઈ એક પરવાળાનો ટાપુ હતો અને કાલાંતરે ક્યારેક ફરી એક વાર પાછો પરવાળાનો ટાપુ થશે. ‘છંદોલય’ (પ્રવાલદ્વીપ)ના કાવ્યોમાં મુંબઈ એક માનસિક અનુભવ છે જેમાં એકલા અટુલા મનુષ્યના ચિત્ત પર, સંવેદન પર મુંબઈના સ્થળ, કાળ અને પાત્રોનો પ્રભાવ અને પ્રત્યાઘાત છે. જેમાં ‘પ્રવાલદ્વીપ’નો પ્રથમ મણકો ‘મુંબઈ નગરી’ છે.

‘ચલ મન મુંબઈ નગરી,
જોવા પુચ્છ વિનાની મગરી,
જ્યાં માનવ સૌ ચિત્રો જેવા,
વગર પિછાને મિત્રો જેવા;
નહીં પેટી, નહીં બિસ્ત્રો લેવાં,
આ તીરથની જાત્રા છે ના અધરી,’

આ કાવ્યમાં કવિ આધુનિક જંગલ એવા મહાનગરની પીડા પાસે લઈ જાય છે. સિમેન્ટ, પથ્થર, કાંચ અને કોંક્રીટનું જંગલ એવી મુંબઈ નગરીની યાંત્રિકતાને પ્રથમવાર ગુજરાતી કવિતામાં લાવે છે. મણિલાલ હ. પટેલ આ કાવ્ય વિશે કહે છે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
કે, 'આ કાવ્યને લય છે પણ જીવનલય તો તૂટી ગયો છે. સંવેદના, ભાષા-ભાત, મૂડ-મિજાજ બધુ બદલાય જાય છે'.

આગળ આધુનિક માનવીની વિડંબના આ પંક્તિઓમાં વ્યક્ત થઈ છે-

'પિંજરે પૂરી તને જણાવશું,
સમાજની કળા બધીય, સભ્યતા ભણાવશુ,
તને જોઈ જોઈ, સભ્યતા થકી પશુ.'

કવિએ અહીં માનવ નિયતિની વક્રતા રજૂ કરી છે. મનુષ્ય સિંહને પાંજરામાં પૂરીને તેને સમાજની બધી કળાઓ અને સભ્યતા શીખવે છે. જ્યારે બીજી બાજુ બધા માનવીઓ સિંહની સભ્યતા જોઈ જોઈને પશુતા શીખે છે.

'વેંત વેંતમાં જ ગાઉં ગાઉં માપવા
એને ન ક્યાંય પહોંચવું,
સદાય વેગમાં જ પંથ કાપવાં
ન થોભવું, ન શોચવું.'

નગરમાં વસતા મનુષ્યની યાંત્રિક જીવનશૈલી અને સંબંધોની કૃત્રિમતાને કવિએ આ કાવ્યમાં પ્રતિકાત્મક રીતે અભિવ્યક્ત કરી છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

'એરોડ્રામ પર' કાવ્યમાં નિરંજન ભગત પાંદડા વિનાના વૃક્ષની વિશાળ ડાળ ઉપર બેઠેલા વિહંગની ઈંડું ન મૂકવાની વેદનાને રજૂ કરે છે. 'કાફેમાં' કવિએ ઉપમાઅલંકાર પ્રયોજીને ચમત્કૃતિ સાધી છે. સમુદ્રના તોફાનો સહન કરીને ભાંગી ગયેલી નૌકા તટ ઉપર લાંગરવામાં આવે તેવી જ કપમાં ભરેલી કૉફી કાવ્યનાયકને વ્યથાઓ જેવી લાગે છે.

'આવતી કાલના સૂર્ય! તારું વ્યર્થ જ ઉગવું,
હોંસે હોંસે પ્રભાતે, આ પૃથ્વીને તટ પુંગવું,
તે જો આ સર્વને તારા તેજ નો અંશ ના ધર્યો,
અપૂર્ણ માનવી માત્ર, એને જો પૂર્ણ નાં કર્યો,
સર્વના મુક્ત આત્મામાં, તારું તું વીર્ય સ્થાપજે
આપે તો ભવ્ય કો મૃત્યુ, ઇચ્છામૃત્યુ જ આપજે.'

મનુષ્ય અહીં સૂર્યને પ્રાર્થના કરે છે કે અહીં નિર્વાસન, નિર્વેદ, નિરસતા, નિરાધારતાનો અનુભવ થાય છે. એ મૃત્યુને જીવન માને છે અને જીવનને મૃત્યુ માને છે અને જીવ્યા વિના જ મરે છે. તેથી જ 'ગાયત્રી'માં અંતે મનુષ્ય માત્રને ઇચ્છામૃત્યુ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

‘પ્રવાલદ્વીપ’માં આધુનિક નગર એટલે શું? તે કેવું હોવું જોઈએ? અને કેવું છે? મનુષ્ય કેવો છે? એની પ્રશ્નોતરી છે. એમાં મુંબઇને એક માનસિક પ્રતિક માનીને મહાનગરોના મનુષ્યોની વેદના અને કરુણતા વ્યક્ત કરી છે. ડો. ધીરુભાઈ ઠાકરે, રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની કવિતાની તુલના કરતાં કહેલું; ‘રાજેન્દ્રની કવિતા અષાઢી મેઘાનો રોમેન્ટીક આવિષ્કાર લાગે, નિરંજનની કવિતા શ્રાવણની નિર્મળ અને નિયંત્રિત મેઘધારાની શિષ્ટ છાપ પાડે છે.’

## સમાપન

નિરંજન ભગત ‘છંદોલય’માં પોતાને ‘નગરનું સંતાન’ કહીને ઓળખાવે છે. ગુજરાતી નગરકવિતામાં એમનું પ્રદાન મૂલ્યવાન અને વિશિષ્ટ છે. ‘છંદોલય’માં વ્યક્ત થતો કવિનો મૌલિક અવાજ આધુનિકતાનું પ્રવેશદ્વાર બની ગયો છે. અહીં એવું નિર્વિવાદ પણે કહી શકાય કે ગુજરાતી કવિતામાં આધુનિકતાનો પ્રારંભ ‘છંદોલય’ માં  ‘પ્રવાલદ્વીપ’ની કવિતાથી થાય છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

## સંદર્ભ સૂચિ :

૧. 'કવિતા કાલની અને આજની', મણિલાલ હ. પટેલ. પૃ. ૧૦

૨. ગુજરાતી કવિતાનો આસ્વાદ, સુરેશ જોષી, પૃ. ૯૬

૩. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ડૉ. ધીરુભાઈ ઠાકર, પૃ. ૩૪૪

૪. 'સુરેશ જોષી થી સુરેશ જોષી'- સુમન શાહ, પાર્થ પ્રકાશન, ૨૦૦૦

૫. 'છંદોલય' નિરંજન ભગત, પૃ. ૨૦૪, ૨૦૫, ૨૩૫